અખબારીયાદી :

તા. ૦૨-૦૮-૨૦૧૮

# ડીસા શહેર વચ્ચે પસાર થતા નેશનલ હાઇવે પર ૪ લેન એલીવેટેડ કોરીડોર બનશે : કેન્દ્રીય મંત્રીશ્રી મનસુખભાઇ માંડવિયા

*****************************

રૂ. ૨૨૨.૭૫ કરોડનાં અંદાજીત ખર્ચે બનાવાશે એલીવેટેડ બ્રીજ

*******************

૩૧૫૦ મીટર લાંબો બ્રીજ તથા બંને બાજુ ૩૦૦ મીટરનો એપ્રોચ બનાવાશે.

***************

માનનીય કેન્દ્રીય માર્ગ પરિવહન અને રાજમાર્ગ, શીપીંગ, કેમિકલ્સ એન્ડ ફર્ટિલાઇઝર્સ મંત્રીશ્રી મનસુખભાઈ માંડવિયા તા.૩૦/૪/૨૦૧૮નાં રોજ થરાદ–પાથાવાડા માર્ગેને નેશનલ હાઇવે તરીકે વિકસાવવાના ખાત મૂહર્ત પ્રસંગે ડીસા ખાતે આવેલ હતા. આ દરમિયાન સર્કિટ હાઉસ ડીસા ખાતે એક મીટીંગનું આયોજન કરેલું હતું, જેમાં કેન્દ્રીય મંત્રીશ્રી મનસુખભાઈ માંડવિયા સમક્ષ કેન્દ્રીય મંત્રીશ્રી હરીભાઇ ચૌહાણ, રાજયકક્ષાના પ્રધાનશ્રી પરબતભાઇ પટેલ, ધારાસભ્યશ્રી શશીકાન્તભાઇ પંડયા, નાગરીક સંગઠનો વિગેરે એ ડીસા શહેરમાં પસાર થતા નેશનલ હાઇવે પર ખુબ જ ટ્રાફીક અને અકસ્માત થતા હોઇ તેનું સમાધાન કરવા રજુઆત કરી હતી.

આ બેઠકમાં કેન્દ્રીય મંત્રીશ્રી મનસુખભાઇ માંડવિયાએ ડીસા શહેરમાંથી પસાર થતા નેશનલ હાઇવે પર પેરેલલ એલીવેટેડ કોરીડોર બનાવવાની જાહેરાત કરેલ હતી.

આ અનુસંધાને ડીસા શહેરમાંથી પસાર થતા નેશનલ હાઇવે પર ‘એલીવેટેડ બ્રીજ મંજુર કરેલ છે. તથા બનાવવાનું ટેન્ડર નેશનલ હાઇવે ઓથોરીટી દ્વારા પણ જાહેર કરી દેવામાં આવેલ છે. ૩૧૫૦ મીટર લાંબો ૪ લેન એલીવેટેડ બ્રીજ, તથા બન્ને બાજુ ૩૦૦ મીટરનો એપ્રોચ સાથે કુલ ૩૭૫૦ મીટર લાંબો બ્રીજ બનશે.

આ સાથે જ હાલ જે ૪ લેન રસ્તો છે તેને નીચે એમ જ રાખવામાં આવશે. આમ આ બ્રીજ બન્યા પછી બ્રીજ પર ૪ લેન અને નીચે ૪ લેન મળી કુલ ૮ લેનનો માર્ગ બની જશે.

આ ટેન્ડરની શરત મુજબ ૨ વર્ષમાં આ બ્રીજનું બાંધકામ પૂર્ણ કરવામાં આવનાર છે. આગામી ૪૦–૫૦ વર્ષના ટ્રાફીક અને જરૂરીયાતને ધ્યાને લઈ આ બ્રીજની ડીઝાઇન તૈયાર કરવામાં આવેલ છે. આ બ્રીજનાં નિર્માણ પછી શહેરનાં ટ્રાફીક અને અકસ્માતની સમસ્યામાંથી મુક્તિ મળશે..

પ્રસિદ્ધ કરવા અધિકૃત

**(સાગર ખીમાણી)**

**મિડિયા કો-ઓર્ડિનેટર**